(G.P.V.)-186-2,00,000-9-2003-A4 C.P.C.3e
[G.R.H.D.No.SDF-1058/66199-III, of 29-8-58]

Received on/- 13/04/2026
Registered on/- 13/04/2026
Decided on/- 24/07/2026
Duration- D- M- Y-

सत्यमेव जयते

IN THE COURT OF the 2nd Addls. DISTRICT JUDGE, ARAVALLI @ MODASA.

Pleaders

Misc. Civil Appeal No 09/2026

Exh. No.

અપીલ કર્તા વિદ્વાન વકીલશ્રી ***પી. ડી. પ્રજાપતિ***

(૧) નિનામા ભુપેન્દ્રભાઈ સુરજીભાઈ ગુજરતા વારસ
(૧) નિનામા દિલીપભાઈ ભુપેન્દ્રભાઈ
(૨) નિનામા ધમેન્દ્રભાઈ ભુપેન્દ્રભાઈ
રહે. શોભાયડા, તા. શામળાજી
(૩) નિનામા વાયોલેટબેન ભુપેન્દ્રભાઈની દિકરી અને પાંડોર રાજેન્દ્રભાઈની પત્ની
રહે. વિરાટનગર, હિંમતનગર, જી. સાબરકાંઠા
(૪) નિનામા હેમલતાબેન ભુપેન્દ્રભાઈની દિકરી અને ખીમજીભાઈ અસોડાની વિધવા
રહે. અશ્વમેધ ફ્લેટ, સહકારી જીન રોડ, હિંમતનગર.

Appellates

વિરૂધ્ધ

રીસ્પોન્ડન્ટ તરફ વિ. વ. શ્રી ***વી. પી. પટેલ.***

(૧) ***નિનામા વિમળાબેન ભુપેન્દ્રભાઈની વિધવા***
(૨) ***નિનામા જીતેન્દ્રભાઈ ભુપેન્દ્રભાઈ***
રહે. જાબચીતરીયા, તા. શામળાજી, જી. અરવલ્લી.
(૩) ***પટેલ શૈલેષકુમાર રામાભાઈ***
રહે. ૮, વૈષ્ણવદેવીપાર્ક સોસાયટી, મહાવીરનગર, હિંમતનગર.

Respondents

::: Appeal Under Order 43 Rule 1 R/w. Section 151 of Code of Civil Procedure :::

// ઠરાવ //

(૧) વિવાદી દ્વારા હાલની અપીલ દિવાની કાર્યરીતી અધિનિયમ હુકમ:- ૪૩ રૂલ ૧ (આર) અન્વયે દાખલ કરી, વિ. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ સીવીલ કોર્ટ, ભીલોડા કોર્ટ દ્વારા દિવાની દાવા નંબર:- ૦૧/૨૦૨૫ ના કામે તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ વિવાદીની દિવાની કાર્યરીતી અધિનિયમના હુકમ:- ૩૯ નિયમ-૧,૨ અન્વયે આપવામાં આવેલ વચગાળાના મનાઈ અરજી નામંજુર કરવામાં આવતા, તે હુકમથી નારાજ થઈ હાલની અપીલના કામે હુકમને પડકારવામાં આવેલ.

(૨) વિવાદી/મુળ વાદી દ્વારા દાખલ કરવામાં આવેલ દાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદીઓનાના ગુજરનાર પિતા ભુપેન્દ્રભાઈ સુરજીભાઈનાઓએ તેમની આવકમાંથી તકરારી મિલ્કત જે શોભાયડાના તાબાના માલીકીના કુવા નંગ-૧ તથા મકાન નં. ૧ સહીતનું જે હાલમાં વાદીઓના નામે ચાલે છે એટલે કે, વેચાણ આપનાર ઉષાકુંવર નટવરસિંહ પુવાનાઓની જમીન જે જમીન રૂા. ૪૦,૦૦૦/-માં સર્વે નં. ૧૧,૧૨,૧૩,૧૪,૧૬ અને ૧૭ની કુલ એકર ૩૭ ગુંઠા ૫ હે.આર. ૧૫.૫૫ આરે અને ૧૩ પ્રતિઆરે ખાડા ટેકરાવાળી પથ્થરવાળી જમીન આ કામના પ્રતિવાદી નં. ૧ ના નણંદ અને વાદી નં. ૧ થી ૪ ના તથા પ્રતિવાદી નં. ૨ના ફોઈ ગામેતી મંજુલાબેન કાન્તીભાઈ તથા પ્રતિવાદી નં. ૧ ના નામે રજી. વેચાણ દસ્તાવેજ તા. ૦૪/૧૦/૧૯૮૫ ના રોજ સંયુકત જમીન વેચાણ રાખેલ. જે બાબતે રેવન્યુ રેકર્ડમાં નોંધ નં. ૨૦૬ તા. ૧૦/૦૯/૨૦૦૧ ના રોજ પાડવામાં આવેલ હતી. જે આધારે પ્રતિવાદી નં. ૧ અને વાદીઓના ફોઈ મંજુલાબેનના નામો રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ. જે જમીન શરૂઆતમાં વાદીઓ સંયુકત રીતે વાવેતર કરતા હતા. પરંતુ ત્યારબાદ આ જમીનના સરખે હિસ્સે ભાગ પાડી આ જમીનનો દક્ષીણત રફનો ભાગ મંજુલાબેનના હિસ્સે આવેલ હતો. તે બાદ વાદીઓના પિતાએ તેમની હયાતમાં ત્રણેય ભાઈઓ એટલે કે, વાદી નં. ૧-૨ અને પ્રતિવાદી નં. ૨ની વચ્ચે કામચલાઉ વહેચણી કરવામા આવેલ હતી. જેમાં વાદી નં. ૧ ને પુર્વ તરફનો હિસ્સો આવેલ, પશ્ચીમ તરફ પ્રતિવાદી નં. ૨ જીતેન્દ્રભાઈ ના હિસ્સે અને પશ્ચીમ તરફનો હિસ્સો વાદી નં. ૨ ના

હિસ્સે આવેલ. ત્યારે વાદી નં. ૧,૨ અને પ્રતિવાદી નં.૨ સંયુકત રીતે રહેતા હતા. પ્રતિવાદી નં. ૨ ના હિસ્સામાં બે મકાન જે વાદીઓના પિતાએ બનાવેલઅ ને એક ઓરડી બનાવેલ જેમાં મકાનો પૈકી પશ્ચિમ તરફના ભાગમાં વાદી નં. ૧ દિલીપભાઈ રહે છે. પ્રતિવાદી નં. ૨ આગળના ભાગે રહે છે અને તમેના ભાગમાં ચોપાળ પણ આવેલ છે અને બાજુમાં બંને મકાનની દક્ષિણે એક ઓરડી આવેલ છે તે ઓરડી વાદી નં. ૧ ના હીસ્સામાં આવેલ છે અને તેમાં તે રહે છે. તેમના ભાગમાં આવેલ જમીન તેઓ વાવેતર કરે છે. તેમજ વાદી નં. ૧– ૨ તથા પ્રતિવાદી નં. ૨ ના ભાગે વહેચણ મુજબ આવેલ જમીનમાં તેઓ પ્રત્યક્ષ કબજો ધરાવી તેમાં વાવેતર કરે છે. તે મુજબ સંયુકત કબજામાં જમીન આવેલ છે. જયારે પ્રતિવાદી નં. ૧ તેમની અનુકુળતા મુજબ તેમના સાથે રહે છે. આ જમીનમાં મહુડાના ઝાડ આવેલ છે જેમાં વહેચણી મુજબ છ–છ મહુડાના ઝાડો ભાગે આવેલ છે અને બે મહુડાના ઝાડ માતૃશ્રીને આપેલ છે. તે મુજબ વાદી નંબર–૧–૨ અને પ્રતિવાદી નં. ૨ નાઓને પાડેલ ભાગ મુજબ ખેતી કામ કરી અને ઉપજ નિપજ લેતા હતા. તેમજ પ્રતિવાદી નં. ૧ નર્સ તરીકે નિવૃત થયેલ છે અને પેન્શનર છે, તેમજ વાદીઓના પિતાનું અડધુ પેન્શન પણ મેળવે છે. વાદી નં. ૧ શિક્ષક તરીકે જુનાગઢ નોકરી કરતા હતા અને આવતા જતા હતા. તે મુજબ વાદીઓ તથા પ્રતિવાદી નં.૧–૨ ની આ તકરારી જમીનો સંયુકત માલીકી અને કબજાની આવેલ છે. તેમ છતાં પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓએ પ્રતિવાદી નં. ૩ નાઓને આ મિલ્કત વેચાણ કરી દીધેલ છે. પરંતુ સ્થળ પર કબજો સોંપી આપેલ નથી. ત્યારે આવા દસ્તાવેજ માત્ર પીસ ઓફ પેપર્સ બની જાય છે. તેમજ તકરારી જમીન કલમ:–૭૩એએ વાળી હોય કલેકટરશ્રીૈએ વેચાણની માંગણી નામંજુર કરવામાં આવેલ. તેમ છતાં પ્રતિવાદી નં. ૩ નાઓએ જીલ્લા વિકાસ અધિકારીશ્રી સમક્ષ અરજી કરી મંજુરી મેળવેલ છે. જે હુકમમાં પણ વાંધા તકરાર હશે તો બંને પક્ષકારોને બંધનકારક રહેશે તેવી શરત મુકવામાં આવેલ છે અને તે આધારે આ પરવાનગી રદબાદત ઠરશે તેવી સ્પષ્ટ શરત રાખવામાં આવેલ છે. ત્યારે વાદીઓએ તકરાર ઉપસ્થીત કરેલ હોય આ મંજુરી આપોઆપ રદ ગણાય. ત્યારે પ્રતિવાદી નં. ૩ નાઓએ વાદીઓને કબજો છોડાવવાની ધમકીઓ આપેલ છે. ત્યારે વાદીઓએ હાલનો દાવો દાખલ કરી અને દાવાની કાર્યવાહી સુધી વચગાળાની મનાઈ હુકમ માટે અરજી ગુજારેલ અને તકરારી જમીનમા વાદીઓનો કબજો ભોગવટો પડાવી લે– લેવડાવે નહી તેવી દાદ માં ગવામાં આવેલ હતી.

(૩) જયારે પ્રતિવાદી નં. ૧ તથા ર ધ્વારા દાવાના કામે આંક:–ર૧ થી દાવા જવાબ રજુ કરવામાં આવેલ છે અને તેમાં વાદીઓની દાવા હકીકતોનો ઈન્કાર કરી એવી હકીકત રજુ કરવામાં આવેલ છે કે, તકરારી જમીન પ્રતિવાદી નં. ૧ અને ગામેતી મંજુલાબેન કાન્તીભાઈનાઓએ સંયુકત રીતે ૧૯૮પ ના વર્ષમાં વેચાણ રાખેલ. તે મુજબ પ્રતિવાદી નં. ૧ અને મંજુલાબેન એક માત્ર આ જમીનના માલીક અને કબજેદાર તથા કલ્ટીવેટર બનેલ. જેમાં મં જુલાબેન સિવાય અન્ય કોઈનો કોઈ લાગભાગ ન હતો. ત્યારબાદ આ જમીનમાં વિભાજન તથા દક્ષિણ દિશાનો ભાગ મંજુલાબેનને આપવામાં આવેલ. જયારે ઉતર તરફનો ભાગ પ્રતિવાદી નં . ૧ ના ભાગે આવેલ. ત્યારથી સ્વપાર્જીત મિલ્કતનો કબજો રાખી અને વાવેતર કરતા હતા. ત્યારબાદ આ જમીન પ્રતિવાદી નં. ૧ વેચાણ કરવા માંગતા હોય તેઓએ પરવાનગી માંગેલ અને તે મળી જતા આ જમીન અવેજની રકમ સ્વીકારી પ્રતિવાદી નં. ૩ નાઓને વેચાણ આપેલ. જે રકમ પ્રતિવાદી નં. ૩ નાઓએ ચુકવી આપેલ છે. જે બાબતે રેવન્યુ રેકર્ડમાં પણ નોંધો પાડવામાં આવેલ છે અને તે મુજબ પ્રતિવાદી નં. ૩ એ દાવાવાળી તમામ ખેતીલાયક જમીનના માલીક, કબજેદાર અને કલ્ટીવેટર બનેલ છે. તેમજ પ્રતિવાદી નં. ૩ સિવાય વાદીઓનો કોઈ લાગભાગ નથી કે કબજો નથી. ત્યારે હાલની અરજી રદ કરવા સારૂ દાવા જવાબ રજુ કરવામાં આવેલ છે.

(૪) વિવાદી ધ્વારા હાલની અપીલ નીચેના મુદ્દાસર દાખલ કરવામાં આવેલ છે. તેઓ મુળ દાવાના કામે વાદી તરીકે હાલનો દાવો દાખલ કરેલ છે અને તેઓએ પોતાના દાવા સાથે આંક:– પ ની અરજી પણ આપવામાં આવેલ હતી અને તેમાં ના. કોર્ટ ધ્વારા કરવામાં આવેલ વચગાળાનો હુકમ તદ્દન ખોટો અને ગેરકાયદેસરનો હોયચ તે રદ થવાપાત્ર છે, તથા કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધ અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિપરીત છે, તેમજ વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓનું ખોટુ અર્થઘટન કરવામાં આવેલ છે, તેમજ પ્ર તિવાદી નં. ૧ વેચાણ કરવા કે પ્રતિવાદી નં. ૩ ખરીદ કરવા માટે સક્ષમ જ ન હતા. તેમજ આ જમીન જીલ્લા વિકાસ અધિકારીશ્રી ધ્વારા પરવાનગી આપવામાં આવેલ છે. તેમજ આ જ પરવાનગીમાં શરત મુકવામાં આવેલ છે કે, જો હુકમમાં જણાવેલ વ્યકિત સિવાય અન્ય કોઈ વ્યકિતને વેચાણ કરવામાં આવશે તો કલમ:– ૭૩ ના નિયમો યથાવત રહેશે. ત્યારે આ વેચાણ પટેલ શૈલેષભાઈને કરવામાં આવેલ છે. ત્યારે આવુ નિયંત્રણ અમલમાં છે. ત્યારે તકરારી

વેચાણ દસ્તાવેજો રદબાતલ છે. ત્યારે તકરારી જમીનમાં વાદી નં. ૧,૨ અને પ્રતિવાદી નં. ૩ નાઓ પોતાના ભાગ મુજબ કબજામાં છે. ત્યારે આવો વેચાણ દસ્તાવેજ માત્રપીસ ઓફ પેપર્સ જ છે. ત્યારે હાલની અપીલ મંજુર કરી, ના. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી, માંગ્યા મુજબની વચગાળાની દાદ આપવા હાલની અપીલ દાખલ કરેલ છે.

(૫) વિવાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ હાલની અપીલ દાખલ કરી અને પ્રતિવિવાદીઓને નોટીસ કરવામાં આવેલ.જે પ્રતિવિવાદીનાઓને બજી જતા વિ. વ. શ્રી વી. પી. પટેલ. મારફતે હાજર રહેલ છે.

(૬) વિવાદી તરફે વિ. વ. શ્રી પી. ડી. પ્રજાપતિનાઓને હાલની અપીલ દાખલ કરતા સમયે જ અતિલંબાણ અને તમામ ગુણદોષ મુજબની તમામ રજુઆતો કરી દીધેલ, ત્યારબાદ પ્રતિવિવાદી હાજર થયા બાદ વધુ દલીલની જરૂર ન હોવાનું જણાવતા તે મુજબ તેઓને સાંભળ્યા, તેઓએ પોતાની અપીલના વાંધાઓનું પુન:ઉચ્ચાર કરી એવી એવી હકીકતો રજુ કરેલ છે કે, તકરારી જમીનો વાદી નં. ૧–૨ અને પ્રતિવાદી નં. ૩ ના પિતા અને પ્રતિવાદી નં. ૧ ના પતિ ભુપેન્દ્રભાઈ ધ્વારા પોતાની આવકમાંથી આ જમીનો પ્રતિવાદી નં. ૧ અને મંજુલાબેનના નામે સંયુકત રીતે ખરીદ કરવામાં આવેલ. જે તમામ જમીનોનું વિભાજન કરી દેવામાં આવેલ છે. તેમજ આ જમીનની દક્ષીણ ભાગની જમીન ફોઈ મંજુલાબેનને આપવામાં આવેલ છે. ત્યારે આ કામના જમીનના મુળ માલીક અને કબજેદાર આદીવાસી હોવાથી તેઓને જમીનના વેચાણને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ:– ૭૩ એએ લાગુ પડતી હોય, પ્રતિબંધીત પ્રકારની જમીન હતી. તેમછતાં કલેકટરશ્રીની પરવાનગી વગર વેચાણ આપી દેવામાં આવેલ છે., તેમજ જીલ્લા વિકાસ અધિકારીશ્રીને આવી પરવાનગી આપવાની કોઈ સત્તા નથી. તેમજ આપવામાં આવેલ પરવાનગીની શરતો ધ્યાને લેવામાં આવે તો તે શરતોનો ભંગ થતો હોય, કલમ:–૭૩–અઅ મુજબ આ વેચાણ કરી શકાય નહી તે પ્રકારની આ જમીનો છે. તેમજ આ કામે પંચનામું કરવામાં આવેલ હતું, તે પંચનામાની હકીકતો જોવામાં આવે તો પણ તકરારી જમીનો પર વાદી નં ૧ અનેર તથા પ્રતિવાદી નં. ૨ નો કબજો છે. તેમજ પંચનામાની વિગતો ધ્યાને લેવામાં આવે તો વાદી ધ્વારા જે હકીકતો જણાવવામાં આવેલ છે તે હકીકતોને સમર્થન

મળી રહે છે અને તે જગ્યાએ મહુડાના ઝાડો પણ આવેલ છે. ત્યારે વેચાણ દસ્તાવેજમાં આ મહુડાના ઝાડ વેચાણ આપેલ હોવા બાબતે કોઈ હકીકત લખવામાં આવેલ નથી. ત્યારે આ જમીનમાં તમામ વાદીઓ તથા પ્રતિવાદી નં. ૨ નો હિસ્સો હોવા છતાં પ્રતિવાદી નં. ૧ કે જે માતા થાય છે તેઓએ એકલા એ જ આ જમીન વેચાણ કરી દીધેલ છે. ત્યારે જો હાલની અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીઓ પોતાનો સ્થાપિત કબજો ગુમાવી બેસે તેમ છે. ત્યારે તેઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ હોય, હાલની અરજી મંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૭) ત્યારે અપીલકર્તાના વિધ્વાન વકીલ શ્રી પી.ડી. પ્રજાપતિ ધ્વારા હાલની અપીલ તાત્કાલીક ચલાવી તાત્કાલીક હુકમ કરવા આગ્રહ કરતા પ્રતિવિવાદી તરફે વિ. વ. વી. પી. પટેલનાઓને સાંભળવામાં આવેલ નથી.

(૮) હાલની અપીલના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

મુદ્દા–૧ શું અપીલકર્તા પુરવાર કરે છે કે, ભીલોડાના વિ. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ શ્રીએ રે. દિ. મુ નંબર:– ૦૧/૨૦૨૫ ના કામે તા.   ના કામે તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ આંક:– ૫ થી કામચલાઉ મનાઈ મેળવવા માટેની અરજી નીચે કરેલ હુકમ કાયદા વિરૂધ્ધનો, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો તથા કાયદા વિરૂધ્ધનો છે અને તેમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય છે?

મુદ્દા નંબર:– ૨ શું હુકમ

(૯) ઉપરોકત મુદ્દા અન્વયેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નંબર:– ૧ ''નકારમાં''

મુદ્દા નંબર:– ૨ આખરી હુકમ મુજબ

::: કા ર ણો:::

(૧૦) વિવાદીની અપીલ તથા રજુ દસ્તાવેજી આધારો તથા વિ. ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ

ધ્યાને લીધું તથા વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ ધ્યાને લીધો. આ કામે વાદીઓ ધ્વારા હાલનો દાવો તકરારી જમીનો તેમના ગુજરનાર પિતા ધ્વારા પોતાની આવકમાંથી પ્રતિવાદી નં. ૧ ના નામે ખરીદ કરેલ અને તે જમીનો તેમની માતા અને પ્રતિવાદી નં.૨ કે જે તેઓનો ભાઈ થાય છે તે પ્રતિવાદી નં. ૩ને વેચાણ આપી દેતા, આ જમીનનો કબજો વાદી નં. ૧–૨ પાસે હોય તે કબજાના રક્ષણ માટે હાલની વચગાળાની અરજી દાખલ કરેલ છે. ત્યારે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા તેમની સમક્ષ રજુ દાવાની હકીકતો અને દસ્તાવેજી આધારો મુજબ જે તારણો આપવામાં આવેલ છે તે મુજબ આ તકરારી જમીન તેમના પિતા ધ્વારા પોતાની આવકમાંથી ખરીદ કરેલ હોવા બાબતે કોઈ હકીકત જણાઈ આવતી ન હોવાથી, તથા વાદી નં. ૧–૨ અને પ્રતિવાદી નં. ૧ – ૨ કોઈ કામચલાઉ વહેંચણી કરવામાં આવેલ હોવાની હકીકત પણ માનેલ નથી, તેમજ તકરારી મિલ્કતો સાથે હાલના વાદીઓને કોઈ લાગભાગ હકક અધિકાર હોવાનું પણ જણાયેલ ન હોવાનું ઠરાવવામાં આવેલ છે. તેમજ કોર્ટ કમીશ્નર ધ્વારા કરવામાં આવેલ પંચનામું કે નકશાન આધારે પણ વાદીઓ કબજામાં હોય તેવી પણ કઈ હકીકત પ્રથમદર્શનીય હકીકત પુરવાર થયેલ નથી, તેમજ પ્રતિવાદી નં. ૩ નાઓએ યોગ્ય અવેજની રકમ ચુકવી અને તકરારી જમીન પર માલીક અને કબજેદાર બનેલ હોવાની હકીકત પ્રથમદર્શનીય જણાઈ આવેલ છે અને જો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં. ૩ નાઓના હકક, હિતને નુકશાન થવાની સંભાવના વ્યકત કરેલ છે અને તે મુજબ સગવડતાની સમતુલા પ્રતિવાદી નં. ૩ ની તરફેણમાં હોવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧૧) ત્યારે આ કામે જો વાદીઓ વચગાળાની માંગ્યા મુજબની દાદ મેળવવા ઈચ્છતા હોય તો તેઓએ સૌ પ્રથમ દાવાવાળી મિલ્કતમાં પોતાનો પ્રથમદર્શનીય કેસ હોવાની હકીકત રજુ કરવાની રહે છે. તે મુજબ ખુદ વાદીઓની હાલની અરજીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો તેઓની જ હકીકતો મુજબ આ તકરારી જમીન તેઓના પિતા ભુપેન્દ્રભાઈ ધ્વારા પોતાની આવકમાંથી પ્રતિવાદી નં. ૧ અને મંજુલાબેનના નામે સંયુકત રીતે ખરીદ કરવામાં આવેલ હતી. ત્યારે વાદી તરફે રજુ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ નં. ૫૪૮/૧૯૮૫ ધ્યાને લેવામાં આવે તો આ તકરારી જમીન પ્રતિવાદી નં. ૧ વિમળાબેન ભુપેન્દ્રભાઈ તથા ગામેતી મંજુલાબેન કાન્તીભાઈના નામે સંયુકત રીતે ખરીદ કરેલ હોવાની હકીકત ફલીત થાય છે. ત્યારે બીનતકરારી રીતે આ જમીનની દક્ષીણ ભાગની જમીન આ મંજુલાબેનને આપવામાં આવેલ અને ઉત્તર

દિશાવાળી જમીન હાલના પ્રતિવાદી નં. ૧ ના ભાગે આવેલ છે. ત્યારે આ કામે ખુદ વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ રેવન્યુ રેકર્ડ મુજબ આ જમીનના ભાગ પડતા તકરારી જમીનમાં પ્રતિવાદી નં . ૧ વિમળાબેન ભુપેન્દ્રભાઈ એક માત્ર માલીક અને કબજેદાર બનેલ હોવાની હકીકત ફલીત થઈ રહેલ છે. ત્યારે ખુદ વાદીઓની હકીકત મુજબ આ વિમળાબેન નર્સ તરીકે નોકરી કરતા હતા, અને પગાર મેળવતા હતા અને હાલમાં પણ પેન્શનર છે. ત્યારે પ્રતિવાદી નં. ૧ નો દાવા જવાબ ધ્યાને લેવામાં આવે તો તેઓ પણ એવી હકીકત સાથે પોતાનો બચાવ રજુ કરેલ છે કે, આ જમીન તેઓએ પોતાની આવકમાંથી ખરીદ કરેલ હોય તે સ્વપાર્જીત જમીન છે. ત્યારે વાદીઓની એવી હકીકત કે આ જમીન તેમના પિતા ધ્વારા પોતાની આવકમાંથી ખરીદ કરવામાં આવેલ હોવાની હકીકત પુરાવા લીધા સિવાય નકકી થઈ શકે તેમ નથી. તેમજ ખુદ વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ રેવન્યુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ જમીનમાં પ્રતિવાદી નં. ૧ એ એક માત્ર માલીક અને કબજેદાર બનેલ હોવાની હકીકત ફલીત થાય છે. ત્યારે આ જમીનોમાં કામચલાઉ વહેચણ થયેલ હોય કે વાદીઓને તેમાં વહેચણ કરી દીધેલ હોવાની હકીકત બાબતે કોઈ દસ્તાવેજી આધારો આ કામે રજુ કરેલ નથી. ત્યારે હાલની અરજી અનુસંધાને જે દાદ માંગવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો તેઓએ આ જમીનમાં પોતાના કબજાના રક્ષણની દાદ માં ગવામાં આવેલ છે. પરંતુ ખુદ જમીના માલીક અને કબજેદાર એટલે કે, પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાઓનો દાવા જવાબ ધ્યાને લેવામાં આવે તો તેઓ આ જમીન પ્રતિવાદી નં. ૩ ને અવેજ ચુકવી વેચાણ આપી ત્યારથી આ જમીનમાં પ્રતિવાદી નં. ૩ નાઓ કબજેદાર બનેલ હોવાની હકીકત જણાવી રહેલ છે. ત્યારે વાદીઓ ધ્વારા રજુ કરવામાં આવેલ પોતાના કબજાની હકીકત પ્ર થમદર્શનીય રીતે પુરવાર કરી શકેલ નથી.

(૧૨) ત્યારે હાલની અરજી અનુસંધાને પક્ષકારોના નિવેદન અને રજુ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો વાદીઓએ સગવડતાની સમતુલા તેમની તરફેણમાં હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. ત્યારે આ કામે પ્રતિવાદી નં. ૧ અને ૨ નો જવાબ ધ્યાને લેવામાં આવે તો તેઓએ અવેજની રકમ સ્વીકારી, આ તકરારી જમીનનો કબજો પ્રતિવાદી નં. ૩ ને સોપી આપેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. ત્યારે આ કામે પ્રતિવાદી નં. ૩ કે જેઓએ નોંધાયેલ વેચાણ દસ્તાવેજ આધારે આ જમીનમાં માલીક બનેલ છે. તેમજ નિવેદનો મુજબ પ્રતિવાદી નં. ૩ નાઓએ જ કબજામાં છે. ત્યારે જો હાલની અરજી મંજુર કરવામાં આવે તો

પ્રતિવાદી નં. ૩ અવેજની રકમ ચુકવેલ હોવા છતાં અને નોંધાયેલ વેચાણ દસ્તાવેજ મુજબ માલીક બનતા હોવા છતાં પોતાનો કબજો ગુમાવી બેસે તેવી સ્થીતી ઉપસ્થીત થતી હોવાનું જણાઈ આવે છે. ત્યારે આ કામે સગવડતાની સમતુલા પણ હાલના વાદીઓની તરફેણમાં હોય તેવી કોઈ હકીકત વાદીઓ તરફથી પુરવાર કરી શકેલ નથી.

(૧૩) ત્યારે ઉપરોકત ચર્ચા અનુસંધાને આ કામના વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી કે સગવડતાની સમતુલા પણ પોતાની તરફેણમાં હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી. ત્યારે હાલના વાદીઓને કોઈ નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન થાય છે કે કેમ? તે બાબતે વાદીઓની દાવા હકીકત ધ્યાને લેવામાં આવે તો વાદીઓ ખુદ એવી હકીકત આધારે આવેલ છે કે, આ જમીન તેમના પિતા ધ્વારા તેમની માતા (પ્રતિવાદી નં. ૧) ના નામે ખરીદ કરવામાં આવેલ હતી. ત્યારે કાયદાકીય સ્થીતી ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદી નં. ૧ નાઓજ એક માત્ર માલીક અને કબજેદાર બનેલ છે. જેઓએ પોતાનો સંપુર્ણ અવેજની રકમ સ્વીકારી આ જમીન વેચી કબજો સોંપી દીધેલ છે. ત્યારે હાલના વાદીઓને હવે તકરારી જમીનમાં કોઈ હિત હોય કે આ વેચાણ દસ્તાવેજો પડકારવા સારૂ કોઈ દાવા કારણ મળી રહેતુ નથી કે આ મનાઈ હુકમ ન આપવામાં આવે તો કોઈ નાણાકીય નુકશાન સંભવી શકે તેવી સ્થીતી હોવાની હકીકત પ્રથમદર્શનીય હકીકત જણાઈ આવતી નથી.

(૧૪) ત્યારે વિવાદી ધ્વારા હાલની અપીલ દિવાની કાર્યરીતી અધિનિયમ હુકમ:- ૪૩(૧)(આર) મુજબ દાખલ કરવામાં આવેલ છે. ત્યારે સદર જોગવાઈ મુજબની સત્તા કયા સંજોગોમાં ઉપયોગ થઈ શકે તે બાબતે ના. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ***Mardia Chemicals Limited Versus Gujarat Electricity Board*** **2002 (0) AIJEL-HC 207571** ના ચુકાદામાંપેરા-૨૩માં કરવામાં આવેલ ચર્ચા જોતા:

> *It is settled principles of law that in Appeal from Order challenge is against the exercise of discretion by the learned Judge of the lower court in granting or refusing the injunction which is an*

*equitable relief. In such appeals, the Appellate Court will not interfere with the exercise of discretion of the Court of the first instance and substitute its own discretion **except** where the discretion has been shown to have been exercised arbitrarily, or capriciously or perversely or where the Court had ignored the settled principles of law regulating grant or refusal of interlocutory injunctions. As appeal against exercise of discretion is said to be an appeal on principle and the Appellate Court **will not reassess the material** and seek to reach a conclusion different from one reached by the court below if the one reached by that court was reasonably possible on the material. The Appellate Court would normally not be justified in interfering with the exercise of discretion under appeal solely on the ground that if it had considered the matter at the trial stage it would have come to a contrary conclusion. If the discretion has been exercised by the trial court **reasonably** and **in a judicial manner** the fact that the Appellate Court would have taken a different view may not justify interference with the trial court's exercise of discretion.*

(૧૨) ત્યારે દિવાની કાર્યરીતી અધિનિયમ હુકમ:- ૪૩(૧)(આર) અન્વયેની અપીલીય સત્તા કેવા સંજોગોમાં ઉપયોગ થઈ શકે તે બાબતે ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતો અને હાલના કામે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ કોઈપણ રીતે કાયદા વિરૂધ્ધનો, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો તથા કાયદા વિરૂધ્ધ હોય તેમ જણાઈ આવતું નથી. તેમજ આ કામે વાદીઓ ધ્વારા વેચાણ દસ્તાવેજ ખોટો હોવાના કારણસર રદ કરવા હાલનો દાવો દાખલ કરવાની પોતે કબજેદાર હોવાની દાદ માંગવામાં આવેલ છે. ત્યારે કાયદાકીય સ્થીતી ધ્યાને લેતા શું વાદી આખરી હુકમનામું મેળવવા હકકદાર છે કે કેમ? તે પણ પુરાવાકીય રીતે સાબીત કરવાની જરૂરીયાત રહેતી હોય ત્યારે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે યોગ્ય જણાઈ આવે છે. ત્યારે વિવાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ હાલની અપીલ ગ્રાહય

રાખવાપાત્ર જણાઈ આવતી ન હોય, મુદ્દા નંબર:– ૧ અન્વયેનો મારો જવાબ *" **નકારમાં** "* આપી, મુદ્દા નંબર:– ૨ અન્વયે વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

➔ વિવાદીની હાલની અપીલ રદ કરવામાં આવે છે.

➔ વિ. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ, ભીલોડા કોર્ટ દ્વારા દિવાની દાવા નંબર:– ૦૧ /૨૦૨૫ ના કામે તા. ૦૨/૦૪/૨૦૨૬ના રોજ વિવાદીની દિવાની કાર્યરીતી અધિનિયમના હુકમ:– ૩૯ નિયમ–૧,૨ અન્વયે વાદીઓની મનાઈ અરજી રદ કરતો કરવામાં આવેલ વચગાળાના મનાઈનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

➔ હાલની અપીલનો ખર્ચ વિવાદીએ જાતે ભોગવવો.

આ હુકમની પ્રમાણીત નકલ વિ. ટ્રાયલને મોકલવવી.

હુકમ આજરોજ તારીખ:– ૨૪મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૨૪/૦૭/૨૦૨૬.
સ્થળ :– મોડાસા.

(***સુનિલ મનહરભાઈ કામદાર***)
બીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
અરવલ્લી @ મોડાસા.
GJ 00984.